ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

આર.ટી.ઓ.ના ડ્રાઈવીંગ ટ્રેક પર કારનો અકસ્માત સર્જાયો

ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર વારંવાર અકસ્માત સર્જાય છે

ગાંધીનગર, તા. ૪

'ગ' માર્ગ પર સ્થિત હાઈટેક આર.ટી.ઓ. કચેરીના ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર આજે વધુ એક કાર અકસ્માતનો ભોગ બની હતી. ટ્રેક પર ડ્રાઈવીંગ ટેસ્ટ આપતી વેળાએ આ અકસ્માત સર્જાયો હતો. જો કે સદ્દનસીબે કોઈને ગંભીર ઈજા થવા પામી નથી.

ગાંધીનગરની નવનિર્મિત આર.ટી.ઓ. કચેરીમાં સઘળુ આંગળીના ટેરવે હોવાના ગાણા ગવાય છે. પરંતુ છાશવારે ઉદ્ભવતી ટેકનિકલ ક્ષતિઓના લીધે કચેરીની કામગીરી ઠપ્પ થઈ જતી હોવાના પણ અનેક દાખલાઓ છે. આવા સંજોગોમાં અરજદારોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. જ્યારે આર.ટી.ઓ. કચેરીના સંકુલમાં સ્થિત ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ સલામતીની દૃષ્ટિએ જોખમી પુરવાર થયો હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. વાહનચાલકોએ લાયસન્સ મેળવવા માટે ટ્રેકની અઘરી કસોટી પાર કરવી પડે છે. જોકે અરજદારોને ટ્રાફિક નિયમન અંગે સજાગ બનાવવા આ ટ્રેક પર અનેકવાર અકસ્માતો સર્જાતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. યુ-ટર્ન અને રીવર્સ એસ ઉપરાંત ચઢાવ ઉતારની કસોટીમાંથી પસાર થતા વાહનચાલકો ઘણીવાર કાબુ ગુમાવી બેસતા અકસ્માતને ભેટે છે. અગાઉ અકસ્માતના એક બનાવમાં કારચાલકને ઈજાઓ થવા ઉપરાંત ટ્રેકને પણ નુકશાન થયુ હતુ. આજે પણ આર.ટી.ઓ. કચેરીમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર ડ્રાઈવીંગ ટેસ્ટ આપતા કારનાચાલકે કાર ટ્રેકની સાઈડમાં ચઢાવી દેતા અકસ્માત સર્જાયો હતો. જો કે સદ્દનસીબે કારચાલકને ગંભીર ઈજાઓ થવા પામી ન હતી.

અસહ્ય બફારો : પારો ૩૯.૫ ડીગ્રી

સવારે આકાશમાં ઘેરાયેલા વાદળોએ સાંજ સુધીમાં નગરજનોની વરસાદની આશાને હાથતાળી આપી : વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું

ગાંધીનગર, તા.૪

છેલ્લા ઘણા દિવસોથી ગાંધીનગરમાં નગરજનો આકાશ ભણી મીટ માંડીને વરસાદી વાદળોને શોધી રહ્યા હતા. આજે સવારથી જ આકાશમાં વાદળોએ દેખાડો દેતા નગરજનોમાં અમી છાંટણા થવાની આશા જાગી હતી પરંતુ સાંજ પડતા સુધીમાં તો આ વાદળો હાથ તાળી દઈને છૂ થઈ ગયા હતા. વાદળોના ઘેરાવાના કારણે આજે બફારો વધતા ગરમીનો પારો ૩૯.૫ ડિગ્રી સેલ્શિયસ નોંધાયો હતો જ્યારે ભેજનું પ્રમાણ પણ વધ્યું હતું જે સવારે ૬૮ ટકા હતું અને સાંજ સુધીમાં ૩૭ ટકા જેટલું રહ્યું હતું.

દેશમાં ચોમાસાની ધીરે ધીરે શરૂઆત થઈ રહી છે પરંતુ હજુ પણ ગાંધીનગર સહિત રાજયમાં વરસાદ સંતાકુકડી રમી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. અત્યાર સુધી તો આકાશમાં વાદળો પણ દેખાતા નહોતા પરંતુ આજે સવારથી જ આકાશમાં ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો જેના કારણે લોકોમાં મેઘરાજાની પધરામણી થશે તેવી ઉત્સુકતા જાગી હતી. જો કે બપોર સુધીમાં આ વાદળો ધીરે ધીરે વિખુટા પડવા લાગ્યા હતા અને સાંજ સુધીમાં તો ફરી આકાશ ખાલી થઈ ગયું હતું. માત્ર થોડા છુટા છવાયા વાદળો બચ્યા હતા જેના કારણે મેઘમહેર થવાની આશા પર પાણી ફરી વળ્યું હતું.

આજે વાતાવરણમાં ગરમીનું મહત્તમ તાપમાન ૩૯.૫ ડિગ્રી સેલ્શિયલ તેમજ લઘુત્તમ ૨૯.૫ ડિગ્રી સેલ્શિયસ નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ જે સવારે ૬૮ ટકા હતું તે પણ સાંજે ૩૭ ટકા જેટલું જળવાયું હતું. દિવસ દરમિયાન બાફમાં વધારો સ્પષ્ટ અનુભવાયો હતો પરંતુ પવનની સતત આવન જાવનને નગરજનોને થોડીક રાહત પુરી પાડી હતી. નજીકના દિવસોમાં જ ગૌરી વ્રત ચાલુ થવાના છે તેવા સંજોગોમાં સત્વરે મેઘરાજા પધરામણી કરે અને ધોધમાર વરસાદ પડે વાતાવરણમાં ઠંડક પહોંચાડી તરસી ધરતીની તૃષા મિટાવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે તો ખેડૂતો પણ તેમના મોંઘાભાવના બિયારણનું વાવેતર નિષ્ફળ ન જાય તે માટે વરસાદી કૃપા ઝંખી રહ્યા છે.

સે.૮માં કપચીના ઢગલામાંથી મૃતદેહ મળ્યો

ડોક્ટરના મકાનનું કામ ચાલતું હતું ત્યારે યુવાનનો મૃતદેહ કપચીના ઢગમાં કેવી રીતે પહોંચ્યો તેની તપાસ આરંભાઈ

ગાંધીનગર,તા.૪

જાણીતા તબીબના સેક્ટર-૮ ખાતે તૈયાર થઈ રહેલા બંગલા માટે રેતી- કપચી સહિતનો માલસામાન ઠલવાઈ રહ્યો છે ત્યારે રાત્રે જ ઠલવાયેલી કપચીના ઢગલામાંથી આજે સવારના અરસામાં અર્ધ દટાઈ ગયેલો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મધરાતે ધનસુરા પાસેથી આવેલા આ ડમ્પરમાંથી મૃતદેહ કેવી રીતે આવ્યો તે બાબતે રહસ્ય સર્જાયું છે. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગરના ઓર્થોપેડિક ડોક્ટર બ્રિજેશ પટેલના સે.૮ બી ખાતે સ્થિત બંગલાનું કામ ચાલી રહ્યું છે. આ માટે રેતી-કપચી સહિતનો માલસામાન લવાઈ રહ્યો છે. ગઈ રાત્રે બે થી ત્રણ વાગ્યાના અરસામાં કપચી ભરેલી ડમ્પર ઠલવાયું હતું. વહેલી સવારે પ્લોટ નં. ૮૫૧ માં રહેતા સોમાભાઈ રબારીનું ધ્યાન પ્લોટ નં.૩૬૬ ની સામે પડેલા કપચીના ઢગલામાં પડ્યું ને ચોંકી ઉઠ્યા હતા. ઢગલામાં કોઈ

વ્યક્તિના બે પગ દેખાતા હતા. આશરે ૩૫ થી ૪૦ વર્ષનો યુવાન કપચીના ઢગલામાં દટાઈને મોતને ભેટેલો હોવાનું જાણવા મળતા સે-૭ પોલીસને બોલાવી લેવામાં આવી હતી. પોલીસનો કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને મૃતદેહ અહી કેવી રીતે પહોંચ્યો અને મૃતક કોણ છે તે સહિતની તપાસ કરવા કપચી ઠાલવીને ગયેલા ડમ્પરના ચાલક સુધી પહોચી ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. પી. સ્વરૂપ ૩-૭-૨૦૧૦ના રોજ હાજર થયા હતા અને ૩-૭-૨૦૧૪ના રોજ તેમની બદલી થઈ છે આ યોગાનુયોગ જ કહેવાયને!
- આજે અધિક વિકાસ કમિશનરશ્રી ઠકકરની ઉપસ્થિતિમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી હતી.
- દશા દિશાવળ વણિક સમાજનો સ્નેહમિલન સમારોહ ૬ જલાઈના રોજ સે-૨ ઉની લગ્નવાડી ખાતે યોજાયો છે.
- લાયન્સ કલબ ઓફ જામનગરના નવા વરાયેલા હોદેદારોની શપથવિધિમાં ગાંધીનગરના સાહિત્યકાર મનોજ શુકલ અતિથિવિશેષ તરીકે હાજરી આપનાર છે.
- જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીના પટેલની તબિયત નાદુરસ્ત બની છે.
- ગાંધીનગર મેડીકલ કોલેજનો એક વિદ્યાર્થી આજે પરીક્ષા આપવા જતાં પહેલાં ખેંચ આવતાં બિમાર પડી જતાં તેને તાત્કાલિક સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો.
- પ્રધાનમંત્રી પદે વરાયા બાદ શ્રી નરેન્દ્ર મોદી ૧ ઉમી જુને ગુજરાતમાં પ્રથમવાર આવી રહ્યા છે. તેઓ મહામંત્રી અમિત શાહના પુત્રની રીંગ સેરેમનીમાં હાજરી આપનાર છે.
- મંત્રશક્તિ દ્વારા અસાધ્ય રોગોના નિવારણ માટેનો કેમ્પ ૬ઠ્ઠીએ સેક્ટર-૧ ગાયત્રી મંદિર ખાતે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ યોજાશે. સ્વામી વૈરાગ્યનંદગીરીજી મહારાજ રોગ નિવારણ માટેનું માર્ગદર્શન આપશે.

આજથી કલ્ચરલ સ્કુલ ઓફ ડાન્સ કાર્યાન્વિત

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત કલ્ચરલ સ્કુલ ઓફ ડાન્સ પમી જુલાઈ શનિવારથી કાર્યાન્વિત થશે. સ્કુલ ઓફ ડાન્સના પ્રથમ દિવસે નૃત્ય અંગેની પ્રાથમિક માહિતી તથા છેલ્લામાં છેલ્લા નૃત્યના વિવિધ પ્રકારો અને શૈલીઓ વિશે અમદાવાદના જાણીતા કલાકારો સર્વશ્રી ચંદન ઠાકોર, નિરાલી ઠાકોર, ક્ષુભા દેસાઈ, કલ્પેશ દલાલ, ભરત બારીયા અને અક્ષત પટેલ માહિતી આપશે.

સ્કુલ ઓફ ડાન્સમાં શાસ્ત્રીય નૃત્યો, ભાતીગળ અને પરંપરાગત નૃત્ય શૈલી ઉપરાંત આધુનિક નૃત્યની તાલીમ પણ અપાશે. જેમાં ૩૦ ટકા થિયરી અને ૭૦ ટકા પ્રેકટીકલ શીખવવામાં આવશે. તાલીમને અંતે વિવિધ નૃત્યશૈલીઓને આવરી લેતો કાર્યક્રમ તૈયાર કરાશે. કલ્ચરલ સ્કુલ ઓફ ડાન્સની વ્યવસ્થાપન સમિતિના સભ્યો સર્વશ્રી હરેશભાઈ રાઠોડ, જયરાજસિંહ સરવૈયા, મયંક દવે, આશાબેન સરવૈયા, મુંજાલ રાવલ, ભાવિન પટેલ, સી.એમ. પટેલ વગેરે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

વિપક્ષના ધારાસભ્યોને પ્રશ્ન પાછો ખેંચવા દબાણ થાય છે

શંકરસિંહની ગૃહના અધ્યક્ષ સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા.૪

ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે પત્રકારો સંબોધતા જણાવ્યું હતું કે, આજરોજ ગુજરાત વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય ચંદ્રીકાબેન બારીયાએ આદિવાસી સમાજને લગતો વનબંધુ યોજના અંગેનો પ્રશ્ન પુછેલ હતો. પ્રશ્નની ચર્ચામાં ભાગ લેવા માટે ગૃહમાં ગેરહાજર રહેવા માટે તેઓના ઉપર દબાણ કરવામાં આવ્યું હતું પરંતુ ધારાસભ્યએ પૂછેલા પ્રશ્નમાં હાજર રહીશ તેવું જણાવતા જ સરકારના મંત્રીએ તેમના પ્રશ્નને રદ કરી અન્યાય કરવામાં આવ્યો છે. ગૃહમાં મહિલા ધારાસભ્યને પુછેલા પ્રશ્નની ચર્ચા નહીં આપવાના કારણે ધારાસભ્ય ચંદ્રીકાબેન બારીયા અને અન્ય મહિલા ધારાસભ્ય તેજશ્રીબેન પટેલ, કામીનીબા રાઠોડ તથા અન્ય ધારાસભ્યઓ વેલમાં ધસી જતાં અધ્યક્ષે તેઓને આખા દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા.

જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો અંગે ૧૮ ફરિયાદો

જિલ્લાની ડિપ્લોમાં ઈજનેરી કોલેજોમાં ૧ હજાર ૧૫ બેઠકો ખાલી રહી હતી : શિક્ષણ મંત્રી : સસ્તા અનાજની દુકાનો શરૂ કરવા બે વર્ષમાં ૬૬ અરજી મળી હતી ૪ ને મંજૂરી અપાઈ છે : મંત્રી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ખાતે આવેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ કેમ્પસમાં ભૂકંપ સંશોધન માટે વિવિધ પ્રકારની ૧૦ લેબોરેટરી અને સિસ્મીક ડેટા સેન્ટરની સુવિધા ઉપલબ્ધ છે તેમ રાજ્યના મહેસુલ વિભાગનો હવાલો ધરાવતા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે ભાજપના ડૉ. નિર્મલાબેન વાઘવાણીના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

ભાજપના જ શ્રી જગદીશ પંચાલે પુછેલા એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ સંસ્થા દ્વારા ઓફલાઈન ભૂકંપ માપ કેન્દ્રોને ઓનલાઈન કરીને ૩૦ સિસ્મીક સ્ટેશનો ઓનલાઈનથી જોડવામાં આવેલ છે. તેમજ ૮ જી.પી.એસ. સ્ટેશનો પણ સ્થાપવામાં આવેલ છે.

તેમણે એમ પણ જણાવ્યુ છે કે ભૂકંપનીય હિલચાલવાળા વિસ્તારોમાંથી મળેલ માહિતી અન્વયે તેનો વિગતવાર અહેવાલ તૈયાર કરી ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને એન્જીનીયરીંગ ગ્રૂપ્સ માટે અર્થવેક રેસીસ્ટન્ટ બિલ્ડીંગની ગાઈડલાઈન્સ તૈયાર કરવામાં આવે છે.

આ ઉપરાંત આ અહેવાલની નકલ સરકારને તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીને પણ આપવામાં આવે છે.

● ઈજનેરી કોલેજની ખાલી બેઠકો

ગાંધીનગર(ઉ)ના ભાજપના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ડિપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૦ કોલેજો ડિપ્લોમાં ઈજનેરી

● અનુસંધાન પાન-૭ પર

TET-1 ધોરણ 1 થી 5 માટે જ

ભણાવવામાં આવતા વિષયો : • બાળ વિકાસ અને શિક્ષણ • ગુજરાતી • પર્યાવરણ • ગણિત • હિન્દી • સંસ્કૃત • અંગ્રેજી • વિજ્ઞાન અને ટેકનોલોજી • સામાજિક વિજ્ઞાન • સામાન્ય જ્ઞાન

સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE

ફી માત્ર ₹ 14,000/- (M) ₹ 11,000/- (F)

પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max. 3 months)

	બેચ શરૂ થવાની તારીખ	બેચનો સમય	ભણવાના દિવસ
TET ધો 1 થી 5 પેથાપુર શાખા માટે	13.07.2014	બપોરના 2-30 થી 4-30	સોમ થી રવિ
	10.07.2014	બપોરના 12-15 થી 2-15	સોમ થી રવિ (ગાંધીનગર શાખા માટે)
મહેસાણા શાખા માટે	11.07.2014	બપોરના 4-15 થી 6-15	સોમ થી રવિ

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઇ-2 થી ઇ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)

પ્રથમ માળ, શિરાગ પ્લાઝા, આર્યન વર્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. મહેસાણા 9537614607. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)

પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)

પેથાપુર શાખા 10.7.2014 (ગુરૂવાર) થી શરૂ થશે
ઓફીસ નં. 229, 230, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

પેથાપુર શાખામાં પ્રવેશ 10.7.2014 થી શરૂ થશે

ક્લાર્ક / કોન્સ્ટેબલ / તલાટી : વર્ગ-3 માટે જ ખાસ

માસ્ટર કોર્ષ-2014

4 માસનો અભ્યાસક્રમ — ગુજરાતી / અંગ્રેજી / ગણિત / બુદ્ધિ ચાતુર્ય / સામાન્ય જ્ઞાન — સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

	બેચ શરૂ થવાની તારીખ	બેચનો સમય	ભણવાના દિવસ
પેથાપુર શાખા માટે	18.07.2014	સાંજના 4-30 થી 6-00	સોમ થી શુક
	11.07.2014	સાંજના 4-15 થી 5-45	સોમ થી શુક (ગાંધીનગર શાખા માટે)
મહેસાણા શાખા માટે	15.07.2014	બપોરના 12-15 થી 1-45	સોમ થી શુક

BANK CLERK (IBPS)

શોર્ટકટ સાથે સ્પીડ & એક્યુરસીનું શિક્ષણ — 4 માસનો અભ્યાસક્રમ

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

	બેચ શરૂ થવાની તારીખ	બેચનો સમય	ભણવાના દિવસ
પેથાપુર શાખા માટે	18.07.2014	બપોરના 2-45 થી 4-15	સોમ થી શુક
ગાંધીનગર શાખા માટે	17.07.2014	બપોરના 12-45 થી 2-15	સોમ થી શુક
મહેસાણા શાખા માટે	21.07.2014	સવારના 10-30 થી 12-00	સોમ થી શુક

Opening Today

Happy Hours Baby Care

(6 Months to 10 Years)

Easy, Safe baby Sitting Solution

Plot No. 301/1, Mangalmurti Society, Sec-8/B, Gandhinagar,
Contact : (M) 9601253613, 079-23240198

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

સિવિલ એન્જીનીયરીંગના કામો

ટેન્ડર નોટીસ નં. 13, 2014-2015 તા. 30-06-2014

(1) ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (વર્કસ/એસ્ટાન્ટ), પશ્ચિમ રેલવે, એન્જીનીયરીંગ વિભાગ, ડીઆરએમ ઓફીસ, ડેન્સર હોસ્પિટલ સામે, નહેરા રોડ, અમરાઈવાડી, અમદાવાદ-380025 (ગુજરાત) દ્વારા નીચેના 2011-2012 ના ક્રમો માટે મહેસાણા ટેન્ડરો આમંત્રણ કરવામાં આવે છે. (2) ટેન્ડરની વિગતો: (2.1) ટેન્ડર નં. ડીઆરએમ/એડીઆઈ/41, 2014-2015, કામનું નામ : વટવા :- અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ અને મેનહોલ્સ ની સફાઈ માટે વાર્ષિક નિભાવ કોન્ટ્રાક્ટ (બે વર્ષ માટે) (પુનઃઆમંત્રિત) મુજબનુ અંદાજીત કિંમત: ₹ 4,71,200.00 અર્નેસ્ટ મની ડિપોઝીટ: ₹ 9,430.00 ટેન્ડર ફી: ₹ 1,000.00 પૂર્ણ કરવાનો સમયગાળો : 24 મહિના. (2.2) ટેન્ડર નં. ડીઆરએમ/એડીઆઈ/42, 2014-2015, કામનું નામ: અમદાવાદ (સાબરમતી) :- સાબરમતી અંડરબ્રિજ નીચે સ્થિત પ્લેટફોર્મનું સમારકામ. (પુનઃઆમંત્રિત) મુજબનુ અંદાજીત કિંમત: ₹ 4,78,900.00 અર્નેસ્ટ મની ડિપોઝીટ : ₹ 9,578.00 ટેન્ડર ફી: ₹ 1,000.00 પૂર્ણ કરવાનો સમયગાળો : 03 મહિના. (2.3) ટેન્ડર નં. ડીઆરએમ/એડીઆઈ/43, 2014-2015, કામનું નામ: ગાંધીગ્રામ :- ફુલફોર્મેડી રોકાણ સ્થિત અને નવી બનેલી ઓફિસ્ટ્રી બીલ નું સમારકામ. મુજબનુ અંદાજીત કિંમત: ₹ 7,31,800.00 અર્નેસ્ટ મની ડિપોઝીટ: ₹ 14,640.00 ટેન્ડર ફી: ₹ 2,000.00 પૂર્ણ કરવાનો સમયગાળો: 04 મહિના. (2.4) ટેન્ડર નં. ડીઆરએમ/ એડીઆઈ/44, 2014-2015, કામનું નામ: સાબરમતી-ગાંધીનગર :- અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ અને મેનહોલ્સ ની સફાઈ માટે વાર્ષિક નિભાવ કોન્ટ્રાક્ટ (બે વર્ષ માટે) મુજબનુ અંદાજીત કિંમત: ₹ 12,08,400.00 અર્નેસ્ટ મની ડિપોઝીટ : ₹ 24,170.00 ટેન્ડર ફી: ₹ 2,000.00 પૂર્ણ કરવાનો સમયગાળો : 24 મહિના. (2.5) ટેન્ડર નં. ડીઆરએમ/એડીઆઈ/45, 2014-2015, કામનું નામ: અમદાવાદ :- અમદાવાદ અને ગાંધીગ્રામ વિસ્તાર ના અંડરગ્રાઉન્ડ સમ્પ અને ઓવર હેડ ટેન્કની સફાઈ. મુજબનુ અંદાજીત કિંમત: ₹ 4,35,900.00 અર્નેસ્ટ મની ડિપોઝીટ: ₹ 8,720.00 ટેન્ડર ફી: ₹ 1,000.00 પૂર્ણ કરવાનો સમયગાળો : 12 મહિના. (2.6) ટેન્ડર નં. ડીઆરએમ/એડીઆઈ/46, 2014-2015, કામનું નામ: વટવા :- વટવા વિસ્તાર અને પીરાણા પાઈપનું બે વર્ષ માટે કલોરીનેશન. મુજબનુ અંદાજીત કિંમત: ₹ 4,99,400.00 અર્નેસ્ટ મની ડિપોઝીટ: ₹ 9,990.00 ટેન્ડર ફી: ₹ 1,000.00 પૂર્ણ કરવાનો સમયગાળો : 24 મહિના. (2.7) ટેન્ડર નં. ડીઆરએમ/ એડીઆઈ/47, 2014-2015, કામનું નામ: એડીઈન (બેજાજ) સાબરમતી ના ઓફિસરોના, સેક્શન એન્જીનીયર (વર્કસ) કલોલના યુનિટ હેઠળ 2014-2015 ના ઝોન નં.13 એટલે કે ઓઢિયાર (રહિત) (કલોલ સ્ટેશન) થી જગુદણ (રહિત), કલોલ (રહિત) થી કડોલ્લા (સહિત), કલોલ થી વીરમગામ (સહિત), વિરમગામ (રહિત) થી કડોલ્લા સેડ (સહિત) ગુમી માટે નવા કર્મો અને ₹ 2 લાખ સુધી ના તમામ સામાન્ય સમારકામો. (પુનઃઆમંત્રિત-II) મુજબનુ અંદાજીત કિંમત: ₹ 38,50,000/- અર્નેસ્ટ મની ડિપોઝીટ : ₹ 77,000/- ટેન્ડર ફી: ₹ 3,000/- પૂર્ણ કરવાનો સમયગાળો : 01-07-2014 થી 30-06-2015. (3) ટેન્ડર પ્રોસ્સનો કાર્યક્રમ :- ટેન્ડર નં. ડીઆરએમ/એડીઆઈ/41, 2014-15 થી ડીઆરએમ/એડીઆઈ/47, 2014-15: ટેન્ડર ફોર્મ મેળવવાની છેલ્લી તારીખ: 07-08-2014 ના 12:00 કલાક સુધી. ટેન્ડર ફોર્મ જમા કરવાવાની છેલ્લી તારીખ: 07-08-2014 ના 15:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ: 07-08-2014 ના 15:30 કલાકે ખોલાશે. ટેન્ડર ડકમેન્ટસ પશ્ચિમ રેલવેની વેબસાઈટ પર તથા ડિવિઝન ઓફીસે 23-07-2014 આવ્યા ને પછી મળી શકશે. (4) એલ્યુકેશનો અને ટેન્ડર ડકમેન્ટસો વેબસાઈટ www.wr.indianrailways.gov.in પરથી જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ડાઉનલોડ કરેલા ટેન્ડર ડકમેન્ટસ રજુ કરતી વખતે ટેન્ડર ફી રેલવેના ઓફિસર સ્ટોરેજ મેનેજર પાસેથી મેળવેલ ઓરીજીનલ મની રસીદના સ્વરૂપમાં રજુ કરવી પડશે અથવા ટેન્ડર ફોર્મ સાથે સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર, પશ્ચિમ રેલવે, અમદાવાદની તરફેણ નો અમદાવાદમાં ચુકવણીપત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ (બાનાની રકમની બરાબર ડિમાન્ડ ડ્રાફ્ટ) જોડવો જોઈશે, તેમાં મુકી થતા ટેન્ડર નાકારવામાં આવશે.

Pamphlet/ADI-70

પેસ્ટર્ન રેલવે પર ટ્રેડિંગ વિશેની કોઈ પણ ફરિયાદ માટે કૃપા કરી કોલ/એસએમએસ કરો - 9004441955

Since 1986 ॥ અભય ॥

Government Approved Contractor

• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars

Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical

AD ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292

REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

SANGHI CEMENT — KisaN — ashirvad C. PVC, UPVC — BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઇ-૨ સર્કલ પાસે, ઇ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com